# 'ઘરડા ઘર' અને 'ઘરડુ ઘર'

## (માંધાતા કોળી સંસ્કૃતિની સભ્યતા)

સવારના પહોરમાં છાપુ વાંચવા બેઠો. ઘણા બધા સમાચારોની માયાજાળમાં એક સમાચાર દિલને દુ:ખ પહોંચાડે તેવા હતા. સમાચારનુ ટાઈટલ હતુ 'ઘરડા ઘરમાં વેઈટીંગ લીસ્ટ' ભણેલા પણ ગણેલા નહીં તેવા ધનીક સમાજના કપુતરોના, ઘરડા વડીલોને તેમના સ્વર્ગ સમાન ઘર માંથી બહાર કાઢી 'ઘરડાઘર' કે 'વૃધ્ધશ્રમ' કે 'અનાથઆશ્રમ' માં ધકેલી દેવાના પાપી સમાચારા વાંચીને કળીયુગ પણ શરમાતો હશે, લજવાતો હશે .. લાજ અને શરમ નેવે મુકનાર આવા ધનીક અને ભણેલા સમાજના કપુતરોની કષ્ટદાયક કહાની વાંચીને મને પણ વારંવાર વિચાર આવતો કે – શું ખરેખર સમાજની અંદરથી સભ્યતા, સંસ્કાર, ખાનદાની અને માનવતા મરી પરવાર્યા છે ? ? જગતના તમામ સમાજની વાસ્તવિકતા જાણવા મેં 'સમાજ દર્પણ' માં એક નજર કરી, અને દર્પણમાં દેખાઈ ''માંધાતા કોળી સંસ્કૃતિ'' ની સભ્યતા. માંધાતા કોળી સમાજને 'ગરીબકોમ' કે 'અભણકોમ' તરીકે ભલે બદનામ કરવામાં આવતી હોય, હકીકત એ છે કે માંધાતા કોળી સમાજ જેટલી આધ્યાત્મીક ભકતી, સહીષ્ણુતા, લાગણી અને વડીલો માટેનો આદરભાવ અન્ય કોઈ સમાજમાં નથી, અને નથી જ. માંધાતા કોળી સંસ્કૃતીનો ઈતિહાસ કહે છે કે માંધાતા કોળી સમાજની ડિકશનરીમાં 'ઘરડાઘર' એટલે કે 'વૃધ્ધાશ્રમ' જેવો શબ્દ જ નથી.પરંતુ 'ઘરડુઘર' એટલે કે ઘરડા વડીલને રહેવા માટેનાઘરની માંધાતા કોળી સંસ્કૃતીની ખાનદાની પરંપરા છે.આ ખાનદાની પરંપરા પર એક નજર કરીએ. માંધાતા કોળી સંસ્કૃતીનો માણસ ઈમાનદારીથી મહેનત–મજુરી કરીને પોતાના સ્વપ્નના મહેલ જેવુ નાનકડુ 'ઘર' બાંધે છે. સમયાંતરે આ માણસના વંશજ એટલે કે સંતાનો મોટા થાય છે.અને વિશાળ સંયુકત કુંટુંબ બને છે. હવે આ વિશાળ સંયુકત કુંટુંબના જે સંતાનોને તેમના વડીલ માબાપ જોડે રહેવુ પસંદ ના હોય, તો તે સંતાનોમાબાપથી અલગ થઈ પોતાની મહેનતથી નવુ 'ઘર' બનાવે છે. અન્ય સામાજની જેમ પોતાના માબાપને તેમના સ્વપ્નના મહેલ જેવા નાનકડા 'ઘર' માંથી બહાર કાઢી મુકતા નથી. અથવા પોતાના માબાપને 'ઘરડાઘર' કે 'વૃધ્ધશ્રમ' કે 'અનાથઆશ્રમ' માં મુકવા જવાના વિચારને પણ 'પાપ' માને છે. માંધાતા કોળી સમાજનાઘરડા વડીલ પોતાના ઘરમાં જ અંતીમ શ્વાસ લે છે.ઘરડા વડીલના સ્વર્ગવાસ બાદ જ 'ઘરડુઘર' અથવા 'મજીયારુઘર' તેમના સંતાનોના ભાગમાં આવે છે. આ કોઈ કાનુની માયાજાળ નથી.પરંતુ માંધાતા કોળી સંસ્કુતીના સમાજે સ્વયં સ્વીકારેલી ખાનદાની પરંપરાગત 'સમાજીક વ્યવસ્થા' છે.આ સામાજીક વ્યવસ્થાનો ભંગ કરનાર 'સામાજીક ગુનેગાર' કહેવાય છે.આવા સામાજીક ગુનેગાર માટે કોઈ સજાની જોગવાઈ તો નથી.પરંતુ માંધાતા કોળી સમાજ આવા સમાજીક ગુનેગારોને તિરસ્કારની નજરે જુએ છે. સમાજના તિરસ્કારના ડર માત્ર થીજ માંધાતા કોળી સમાજનો કોઈ માણસ આવો સામાજીક અપરાધ કરતો નથી.આપણી આ એક મજબુત સમાજ વ્યવસ્થા દુનિયાના તમામ સમાજના માણસોને માનવતાનો સંદેશો આપે છે.સમસ્ત માંધાતા કોળી સમાજની આ સભ્ય સંસ્કૃતી દુનિયાના તમામ સમાજના માણસો સામે સમાજીક જાગૃતીની દિવાદાંડી છે.જગતની તમામ સંસ્કૃતીઓમાં માત્ર આપણી મહાન માંધાતા કોળી સંસ્કૃતી જ માનવતાનો આવો શુભ સંદેશ આપી શકે છે.        જય માંધાતા

માંધાતા કોળી સમાજની નવી આગંતુક પેઢી આપણી આ મહાન ''માંધાતા કોળી સંસ્કૃતિ'' ની સભ્યતાની જાળવણી કરી શકે તે માટે માંધાતા કોળી સમાજના બાળકો અને યુવાનાને આપણી સંસ્કૃતિની સભ્યતાનુ સાચુ જ્ઞાન (માહિતી) અને શિક્ષણ  આપવું એજ આપણો ' સામાજીક ધર્મ અને ફરજ' છે.




**રાઘુનંદન  ( કરમણભાઈ કોળી )**

સમાજ દર્પણ, વીરાંગના ઝલકારીબાઈ કોળી, કોળી સિંહ તાનાજી, માતૃવંદના
જેવા પુસ્તકના સંપાદક , લેખક , પ્રકાશક અને વિતરક  .....  મો.નં.–૯૮૨૫૪૫૧૧૩૪